હિંમતનગરના ઈલેક્ટ્રોનીક્સ ગોડાઉનમાંથી ૨.૮૨ લાખની ચોરી કરનાર ગેંગ પકડાઈ

હિંમતનગર, તા. ૭

હિંમતનગરના ચાંદનગર વિસ્તારમાં આવેલા એક ઈલેક્ટ્રોનિક્સના ગોડાઉનમાંથી પંદરેક દિવસ અગાઉ રૂ. ૨.૮૨ લાખથી વધુની કિંમતના પેનાસોનિક કંપનીના એલ.સી.ડી. ટી.વી.ની ચોરીની ઘટના અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. લાખ્ખો રૂપિયાના મુદ્દામાલની ચોરીની ઘટના અંગે લોકલ ક્રાઈમ બ્રાન્ચ સાથે બી-ડીવીઝન પોલીસે બાતમી આધારે ગણતરીના દિવસોમાં જ ચોરીનો ભેદ ઉકેલી નાખી હિંમતનગરના જ આઠ શખ્સોને ઝડપી લીધા છે. ક્રાઈમ બ્રાન્ચે ચોરીનો મુદ્દામાલ રીકવર કરી આઠેય શખ્સોની વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે લોકલ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ગત મહિનાની તા. ૧૯-૨૦ જૂનની રાત્રિના સમયગાળા દરમિયાન શહેરના ચાંદનગર વિસ્તારમાં આવેલા લાલા એન્ટર પ્રાઈઝના ગોડાઉનના ધાબા ઉપર આવેલા દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશી કેટલાક શખ્સોએ જુદી જુદી સાઈઝના પેનાસોનિક કંપનીના એલ.સી.ડી. ટી.વી. નંગ-૧૪ની ચોરી કરી ભાગી છુટ્યા હતા. ચોરીના આ ઘટના સંદર્ભે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. હિંમતનગર શહેરમાંથી લાખ્ખો રૂપિયાની માતાની ઈલેક્ટ્રોનીક્સ એલ.સી.ડી.ની ચોરી અંગે સાબરકાંઠા પોલીસ અધિક્ષક ચિરાગ કોરડીયાએ લોકલ ક્રાઈમ બ્રાન્ચને તપાસનો દોર સોંપી બાતમી આધારે શહેરના કેટલાક તાકીદના ભેદ ઉકેલવાની સુચના આપતા ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.એમ. આલે ક્રાઈમ બ્રાન્ચની ટીમ તેમજ બી-ડીવીઝનના પી.એસ.આઈ.આર.આર. દેસાઈ સહિતની ટીમને સાથે રાખી મળેલ શકમંદ શખ્સો પર વોચ ગોઠવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે અગાઉ ચાંદનગર ખાતે રહેતા અને હાલમાં માય ઓન હાઈસ્કૂલ પાસેની મેમણ કોલોનીમાં રહેતા શાહરૂખ અબ્દુલલતીફ ચૌહાણ નામના માસ્ટર માઈન્ડને શનિવારે ઝડપી લઈ પુછતાછ શરૂ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પકડાયેલ શાહરૂખ ચૌહાણે તેના સાગરિતો સાથે મળી ચોરીની ઘટનાને અંજામ આપ્યાની પોલીસ સમક્ષ કબુલાત કરતા ટીમે અન્ય સાત સાગરિતોની શોધખોળ કરી સાતેયને શનિવારે જ ઝડપી લીધા હતા. ચોરીની ઘટનાને અંજામ આપનારા સાતેય શખ્સોએ ચોરેલા એલ.સી.ડી. હિંમતનગરના ચંદ્રનગર નજીકની અવાવરૂ જગ્યાએ બાવળોની ઝાડીમાં સંતાડી દીધા હતા અને ત્યારબાદ આ એલ.સી.ડી. હિંમતનગરના બગીચા વિસ્તારમાં રહેતા ભરતભાઈ અશોકભાઈ સોનીને વેચી દીધા હતા. ક્રાઈમ બ્રાન્ચની ટીમના નાથાભાઈ દેસાઈ અને કૌશિકભાઈ વ્યાસે બગીચા વિસ્તારના વેપારી પાસેથી ચોરીનો મુદ્દામાલ રીકવર કર્યો હતો. આમ ક્રાઈમ બ્રાન્ચ અને બી-ડીવીઝન પોલીસના સંયુક્ત ઓપરેશનમાં શહેરમાં થયેલી રૂ. ૨.૮૨ લાખથી વધુની મત્તાની ચોરીનો ભેદ ખુલી ગયો હતો.

ચોરીના ગુનામાં કોણ પકડાયા

શાહરૂખ અબ્દુલલતીફ ચૌહાણ (રહે. મેમણ કોલોની), મોઈનુદ્દીન મહમદજહુર કુરેશી (ચાંદનગર), મોઈન ઈસ્માઈલ મનસુરી (ચાંદનગર), સલમાન ઈસ્માઈલ મનસુરી (ચાંદનગર), મહમદઅનીસ ઈરફાનભાઈ શેખ (ચાંદનગર), શકીલશા રફીકશા દિવાન (ચાંદનગર), ફેજલ અહેમદહુસેન ગ્યાસુદ્દીન સૌયદ (હાજીપુરા), ભરતભાઈ અશોકભાઈ સોની (બગીચા વિસ્તાર)

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર-આબુ હાઈવે પર ટોલબુથ નજીક ડીસા તરફથી ગેરકાયદેસર રીતે અબોલ પશુ ટ્રકમાં ભરી લઈ જવાઈ રહ્યા છે, તેવી માહિતીના આધારે ગૌરક્ષકોએ ૧૪ ભેંસો ભરેલી ટ્રક સહિત બે ઈસમોને પકડી પાડ્યા હતા.

વિદ્યુત બોર્ડની લાલીયાવાડીથી નાગરિકો પરેશાન

કલાકો સુધી વીજ પુરવઠો બંધ કરી દેવાતા ખેડૂતોનો પાક સુકાયો

ધનસુરા, તા. ૭

જૂન માસ પુરો થઈ ગયો છતા મેઘરાજાની પધરામણી થઈ નથી. કાળઝાળ ગરમી અને બફારાથી હજુ લોકોને છુટકારો મળ્યો નથી ત્યારે ધનસુરા શહેરમાં વિદ્યુત બોર્ડ પડતા ઉપર પાટુ મારતુ હોય તેમ રીપેરીંગના બહાને કલાકો સુધી વીજ પુરવઠો બંધ કરી લોકોને હેરાન પરેશાન કરી રહ્યું છે. જેથી શહેરીજનો ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં અનેક વિસ્તારોમાં સૂર્યદેવનો તાપ હજુ પણ લોકોને તપાવી રહ્યો છે. બીજી તરફ જૂન માસ પૂર્ણ થઈ ગયો છતા મેઘરાજાની પધરામણી થઈ નથી. જેને લઈ લોકો સવારે તાપ અને સાંજે બફારો એમ બન્ને પરિસ્થિતિ એક સાથે અનુભવી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં વીજતંત્રની બેદરકારીને લીધે લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

તાપ અને બફારાથી પરેશાન લોકો ઘરમાં જ એ.સી. કે કુલર જેવા ઉપકરણોનો સહારો લઈ રહ્યા છે. ત્યારે ધનસુરા સહિત અરવલ્લી જિલ્લામાંવીજ તંત્ર રીપેરીંગના બહાને વારંવાર વીજ પુરવઠો બંધ કરી દેતા સ્થાનિકો પરેશાન થઈ ઉઠ્યા છે. ધનસુરા સહિત આસપાસના વિસ્તારમાં ઉનાળામાં કલાકો સુધી વીજ પુરવઠો બંધ રહેતા ખેડૂતો પણ મુશ્કેલીમાં મુકાયા છે. અને પાણીના સમય દરમિયાન વીજ પુરવઠો જ ન હોવાથી ખેડૂતો ખેતરમાં પાણી નહી પહોંચાડી શકતા પાક પાણી વગર સુકાઈ રહ્યો છે. વારંવાર કલાકો સુધી ખોરવાતા વીજ પુરવઠાને લઈ સ્થાનિકોએ ઉગ્ર વિરોધ કરી સત્વરે યોગ્ય વીજ પુરવઠો પુરો પાડવા માંગ કરી છે.

ઊંઝા પોલીસતંત્ર ગુનાઓના ભેદ ઉકેલવામાં સદંતર નિષ્ફળ : તસ્કરોને મોકળુ મેદાન

ઊંઝા, તા. ૭

ઊંઝા વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં તસ્કરોને મોકળું મેદાન મળી ગયેલ છે. જ્યારે પ્રજા અસલામતિની લાગણી અનુભવી રહી છે. તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં નાની મોટી ઘરફોડચોરીઓ, કેબલ ચોરી, વાહનચોરીઓના બનાવોમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે.

આમાં પ્રજાને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. તો આ સામે તસ્કરોને ઘી કેળાં થઈ પડ્યા છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓની તપાસ માત્ર કાગળ પર જ રહી જતી હોવાનું ચર્ચાય છે. આ વિસ્તારમાં ગુનાખોરી અને અસામાજીક બદીઓનો વ્યાપ વધી ગયો છે. જ્યાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે ગઈ છે.

તાલુકાના રણછોડપુરા ગામે એક ખેડૂતના મકાનમાં પ્રવેશીને રાત્રિના સમયે કોઈ તસ્કરો રોકડ રકમ અને દાગીના મળી અંદાજે એક લાખની કિંમતની માલમત્તાની ચોરી કરી હોવાનો બનાવ બન્યો છે.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના રણછોડપુરા ગામે રહેતા સુરેશભાઈ મગનભાઈ પટેલ રાતના સમયે પોતાના મકાનમાં સુઈ રહ્યા હતા ત્યારે મધરાત બાદ કોઈ તસ્કરોએ મકાનના પાછળના દરવાજાથી અંદર પ્રવેશી તિજોરી કબાટ તેમજ બેગ તોડી નાંખી હતી. અને અંદરથી ૪૧,૦૦૦ ની રોકડ રકમ તેમજ સોનાનો દોરો, બુટ્ટી વિગેરે મળી કુલ ૯૭ હજારની કિંમતની મત્તાની ચોરી કરી હતી.

દરમિયાન સવારના સમયે મકાન માલિકને પોતાના મકાનમાં ચોરી થયાનું માલુમ પડતાં ઊંઝા પોલીસમથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડૂત વર્ગના વ્યક્તિના ઘરમાં તમાકુ તથા ભેંસવેચાણના નાણાં આવ્યા હતા. તેની તેમજ દાગીનાની પણ ચોરી થતાં ખેડૂતવર્ગનો માનવી મુશ્કેલીમાં મુકાયો છે.

ભિલોડા પાસેથી બાઈક ચોર પિતા-પુત્રની જોડી ઝડપાઈ

ધોલવાણી ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગ દરમ્યાન ઝડપાયા : પુછપરછમાં ત્રણ બાઈકની ચોરી કબુલી

ભિલોડા, તા. ૭

અરવલ્લી જિલ્લાના ભિલોડા-શામળાજી ધોરી માર્ગ પર આવેલ ધોલવાણી ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગ દરમ્યાન ચોરીની બાઈક સાથે બાઈકચોર પિતા-પુત્રની જોડીને ઝડપી પાડી હતી. આ વાહન ચેકીંગ દરમ્યાન પોલીસે રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતના ત્રણ ચોરીના બાઈક ઝડપ્યા હતા.

ધોલવાણી ત્રણ રસ્તા પર આજે ભિલોડા પોલીસ સ્ટેશના પીએસઆઈ પી.એસ. પરમારે પોલીસ કોન્સ્ટેબલો દિનાજી ડામોર અને રાજેન્દ્ર ડાભી સાથે વાહન ચેકીંગ હાથ ધર્યુ હતુ. આ ચેકીંગ દરમ્યાન રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ખેરવાળા તાલુકાના પાટીયા ગામના પ્રકાશકુમાર મગનલાલ અસોડા અને મગનલાલ કેશવલાલ અસોડાને ચોરીની બાઈક સાથે ઝડપી લીધા હતા. વધુ પુછપરછ કરતા પિતા-પુત્રની આ બેલડીએ ત્રણ બાઈકની ચોરી કબુલ કરી હતી અને આ ત્રણેય બાઈક નં. જીજે-૯-એસ-૨૬૨, જીજે-૯-એકે-૧૦૨૨ અને જીજે-૯-એએમ-૩૧૬૯ અંદાજિત કિંમત રૂપિયા ૪૦,૦૦૦ના ભિલોડાથી ચોર્યા હોવાનું કબુલ્યુ હતુ. આ બાઈકચોરો ઝડપાવાથી ભિલોડામાં બાઈક ચોરાવાના સીલસીલા બાબતે પોલીસ વધુ તપાસ હાથ ધરે તો હજુ પણ ઘણા બાઈક મળી આવે તેવુ લોકોને લાગી રહ્યું છે.

ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન ધનરાજ પિલ્લાઈ મોડાસાની મુલાકાતે : બાળકોને હોકીના પાઠ ભણાવ્યા

મોડાસા, તા.૭

ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન અને અર્જૂન એવોર્ડ વિજેતા ધનરાજ પિલ્લાઈએ આજે ઉત્તર ગુજરાતના મોડાસાની મુલાકાત લીધી હતી.

ભારતની રાષ્ટ્રીય રમત હોકીના વિકાસ માટે તાજેતરમાં જ હોકીના પૂર્વ ખેલાડી ધનરાજ પિલ્લાઈની નિમણુંક કરાતા તેઓ હાલ ગુજરાતના વિવિધ શહેરોમાં હોકીમાં રસ ધરાવતા બાળકોને હોકીના પાઠ ભણાવી રહ્યા છે. દરમિયાન આજે તેઓ મોડાસાના હોકીના ઉભરતા ખેલાડીઓની મુલાકાતે આવ્યા હતા.

મોડાસાના અંડર-૧૨ અને ૧૮ના હોકીના ખેલાડીના સિલેકશન માટે મોડાસા કેળવણી મંડળ ખાતે મળ્યા હતા અને ખેલાડીઓને જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ, કેળવણી મંડળના પ્રમુખ અરૂણભાઈ શાહ, સુભાષભાઈ શાહ, નિલેષભાઈ જોષી, મામલતદાર વિશાલ સકસેના અને સુરેશ ત્રિવેદી દ્વારા ધનરાજ પિલ્લાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

ખેડબ્રહ્મા પાલિકા દ્વારા વોર્ડ-૨ નો રસ્તો બનાવવામાં ઓરમાયુ વર્તન

પાલિકામાં બાંધકામ સમિતિના ચેરમેનની આમરણાંત ઉપવાસની ચીમકી

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા નગર પાલિકાના ગામ વિસ્તારના વોર્ડ નંબર-૨ ના રસ્તાના પ્રશ્ને વોર્ડ-૨ ના સદસ્યે આમરણાંત ઉપવાસ પર બેસવાની ચીમકી ઉચ્ચારતા સત્તાધારી ભાજપ પક્ષમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્મા નગર પાલિકાના વોર્ડ નંબર-૨ ના પાણીની ટાંકીની બાજુનો રસ્તો બનાવવામાં પાલિકા દ્વારા આંખ આડા કાન કરવાની નિતીથી વાજ આવી જઈ રોષે ભરાયેલા વોર્ડના સદસ્ય અને બાંધકામ સમિતિના ચેરમેન જીજ્ઞેશકુમાર ચંદુભાઈ ભાવસારે પાલિકા વિરૂદ્ધ આમરણાંત ઉપવાસનું છેલ્લુ શસ્ત્ર ચલાવવાની ચીમકી ઉચ્ચારી છે.

વોર્ડ નંબર-૨ ના આ રસ્તો બનાવવાનો ઠરાવ નંબર-૪ તા. ૨૬-૪-૨૦૧૩ની સામાન્ય સભામાં કરવામાં આવ્યો છે. છતાં આ રસ્તાનું કામ શરૂ કરવા ટેન્ડર સહીતની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ રસ્તાના ઠરાવ પછી શહેરના અન્ય રસ્તાના ઠરાવ વાળા રસ્તા પૂર્ણ થયાનુ જાણવા મળે છે ત્યારે વોર્ડ નંબર-૨ પ્રત્યે પાલિકા ઓરમાયુ વર્તન રાખતી હોય તેવુ લોકોને લાગી રહ્યું છે. આ વોર્ડમાંથી કોંગ્રેસના બે સદસ્યો ચુંટાઈને આવ્યા છે જેમાં એક સદસ્ય વિરોધ પક્ષના નેતા છે છતાં વોર્ડ નંબર-૨ ના કામ થતાં ન હોવાનું લોકો જણાવી રહ્યા છે. બાંધકામ સમિતિના ચેરમેન જીજ્ઞેશકુમાર ભાવસારે ચીફ ઓફીસરને લેખિતમાં કરેલ રજૂઆત મુજબ જો આ રસ્તાનું કામ ૩૦ જુલાઈ સુધીમાં પુરૂ કરવામાં નહી આવે તો ૫ ઓગષ્ટથી પાલિકા સમક્ષ આમરણાંત ઉપવાસ પર બેસવાની ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્મા નગર પાલિકાના ચીફ ઓફીસર હરીશભાઈ અગ્રવાલે આ અંગે જણાવ્યું હતુ કે કેટલાક નિતિ વિષયક કારણોસર સક્ષમ એજન્સીની આ રસ્તા માટે મંજુરી લેવાની બાકી છે જે દરખાસ્ત તૈયાર કરી સત્વરે મંજુરી મેળવી લઈ રસ્તાનું કામ શરૂ કરવામાં આવશે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસ એન.પી. સંસ્થા દ્વારા એઈડ્સ ગ્રસ્ત બાળકો બનાસડેરીની મુલાકાતે

બનાસ એન. પી. સંસ્થા દ્વારા તેના સદસ્યો સહિત કુલ ૧૦૦ વ્યક્તિઅઓએ બનાસ ડેરીની મુલાકાત તા. ૫/૭ /૨૦૧૪ અને શનિવારના દિવસે લીધી હતી. જેમાં ૩૦ બાળકો, ૪૦ બહેનો અને ૨૫ ભાઈઓએ હાજરી આપી હતી. તેઓએ ડેરીના દરેક વિભાગોની ઝીણવટભરી માહિતી મેળવી હતી. ત્યારબાદ બાળકો દ્વારા બનાસ ડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળ અને એમ.ડી.શ્રી સંજય કરમચંદાનીનું અભિવાદન કરવામાં આવ્યું અને એન. પી. સંસ્થાના -મુખ શ્રી નરેશભાઈ સોની દ્વારા સંસ્થાનો પરિચય અને કામગીરી બાબતે વિગતે માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાત -સંગે વ્હાલ વરસાવી આશીર્વચન આપતા ડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે વિપરીત સંજોગોમાં પણ હિંમતભેર જીવન જીવતા લોકોને બિરદાવ્યા હતા. બાળકો આ દેશનું ભાવી છે એવા એચ આઈ વી પોઝીટીવ સાથે જીવન જીવતા બાળકો -ત્યે સહાનુભૂતિ અંને ેમ પૂર્વક વર્તાવ કરવા તેઓશ્રીએ અનુરોધ કર્યો હતો. એન. પી. સંસ્થાની કામગીરીને બિરદાવતા શ્રી પરથીભાઈએ જણાવેલ કે, આ સંસ્થા સમગ્ર બનાસકાંઠા જીલ્લા માટે આશીર્વાદરૂપ છે. આ સંસ્થા એઈડ્સ ગ્રસ્ત લોકોને જીવવાની નવી દિશા બતાવે છે તદુપરાંત આ રોગના અટકાવ માટે ઝુંબેશ પણ ચલાવે છે. અંતમાં તેઓશ્રીએ સરકારશ્રી તરફથી આવતી વિવિધ સ્કીમોનો લાભ લોકો સુધી વધારેમાં વધારે પહોંચે તે માટે યથા યોગ્ય વ્યવસ્થા કરવા માટે પણ ેરણા આપી હતી.

માલપુર કૃષિ બેંકના હોદ્દેદારો ચૂંટાયા

મુલોજ, તા. ૭

માલપુર તાલુકા કૃષિ બેંકના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં આવેલી કૃષિ બેંકના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી તાજેતરમાં યોજાતા માલપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ જયમલસિંહ ખાંટ, પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે ઉપપ્રમુખ તરીકે મંગળભાઈ પણુંચા ચૂંટાઈ આવ્યા હતા. બન્ને મહાનુભાવોને સહકારી અગ્રણીઓ સહિત લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

ડીસા સેંટ ઝેવિયર્સ સ્કુલનાં પાર્થ પરમારે નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો

ડીસા, તા.૭

બનાસકાંઠા જિલ્લાનાં અંદાજીત સાડા આઠ હજાર જેટલા વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લાભરનાં વિવિધ પરિક્ષા કેન્દ્રો પર તાજેતરમાં ધોરણ છમાં પ્રવેશ હેતુ પરીક્ષા આપવામાં આવી હતી. જેના પરિણામો જાહેર થતા આ કેન્દ્રીય સ્કુલનાં નિયમો મુજબ ૬૦ ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થી અને જિલ્લા ભરનાં શહેરી વિસ્તારનાં ૨૦ વિદ્યાર્થીઓ મળી કુલ ૮૦ વિદ્યાર્થી પાસ થયેલા જાહેર કરાયેલ છે. જેમાં ડીસા શહેરી વિસ્તારની સેંટ ઝેવિયર્સ સ્કુલમાં ભણતા પાર્થ ધનેશભાઈ પરમારે શ્રેષ્ઠ પ્રદર્શન કરી સહુથી વધુ માર્કસ મેળવી પ્રવેશ મેળવતા સેંટ ઝેવિયર્સ સ્કુલ વિદ્યાર્થી ગણ અને શિક્ષક ગણમાં આનંદની લાગણી છવાઈ છે.

નવોદય કેન્દ્રીય વિદ્યાલયમાં ચાલુ સત્રમાં ધોરણ-૬માં પ્રવેશ મેળવનાર ભાગ્યશાળી વિદ્યાર્થી પરમાર પાર્થ જનસત્તા ડેઈલી ન્યુઝ પેપરના બનાસકાંઠા જિલ્લા પ્રતિનિધિ તેમજ જી.એસ.ટીવી ન્યુઝ ચેનલના પત્રકાર ધનેશભાઈ પરમારનાં પુત્ર છે, જેમને પોતાની આ શૈક્ષણિક સફળતા માટે પોતાના માતા પિતા અને શિક્ષકોનો મોટો ફાળો હોવાનું જણાવ્યું હતું.

ચિત્ર શિક્ષકોને જોગ

પાટણ, તા. ૭

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમીના ઉપક્રમે ઉચ્ચ માધ્યમિક, માધ્યમિક અને -ાથમિક શાળાઓમાં ચિત્ર શિક્ષક તરીકે સેવા આપતા શિક્ષકોનો એક સેમીનાર ત્રણ દિવસ માટે યોજવામાં આવનાર છે.

આ વર્કશોપમાં જોડાવા ઈચ્છતા ચિત્ર શિક્ષકોએ સાદા કોરા કાગળ પર પોતાની અરજી, તાજેતરની તસ્વીર સાથે પોતાનું નામ, ઉંમર-જન્મ તારીખ, સરનામું, ફોન નંબર, મોબાઈલ નંબર, અનુભવની વિગતો, મેળવેલ સિધ્ધિ કે પારિષોતિકની વિગત દર્શાવીને આચાર્યશ્રી મારફતે કરવાની રહેશે. આ અરજી તા. ૨૧/૭/૨૦૧૪ સુધીમાં સચિવશ્રી, ગુજરાત રાજય લલિતકલા અકાદમી, રવિશંકર રાવલ કલા ભવન, ભાઈકાકા ભવન, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ને મોકલી આપવી. પસંદગી પામનારને પોતાના વતનથી શિબિરના સ્થળ સુધીનું આવવા-જવાનું ખરેખર ખર્ચેલું ભાડુ, નિવાસી ભોજનની વ્યવસ્થા, ચિત્રકામ કરવાનો સમય, સાધન તેમજ -માણપત્ર આપવામાં આવશે. પસંદગી અંગેના તમામ અધિકારો લલિતકલા અકાદમી પાસે રહેશે, તેમ ગુજરાત રાજય લલિતકલા અકાદમી, અમદાવાદના સચિવશ્રીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES MARBLE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧